# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2023** **Morning : 7.45 to 7.55**
**Day : Firday** **National News**

### આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશમા વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડ રૂપિયાના વિકાસકામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યા
- નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને યુનાઈટેડ આરબ અમીરાતની સેન્ટ્રલ બેંકની પેટા કંપની અલ એતિહાદ પેમેન્ટ્સ વચ્ચે ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા
- સિક્કિમમાં પૂરના કારણે મૃત્યુઆંક વધીને 19 થયો - 26 વ્યક્તિઓ ઇજાગ્રસ્ત જ્યારે સેનાના જવાનો સહિત 103 લોકો ગુમ થયા છે.
- યુક્રેને જણાવ્યુ છે કે ખાર્કિવ પ્રાંતના દક્ષિણપૂર્વમાં આવેલા હ્રોઝા ગામમાં એક બજાર પર રશિયન મિસાઈલ હુમલામાં 51 લોકો માર્યા ગયા છે
- એશિયાઈ રમતોત્સવમાં ભારત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે 21 સુવર્ણ , 32 રજત અને 33 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 86 ચંદ્રક જીતી મેડલ યાદીમા ચોથા સ્થાને
- આજે વર્લ્ડકપની બીજી મેચ હૈદરાબાદમાં રાજીવ ગાંધી સ્ટેડિયમ ખાતે પાકિસ્તાન નેધરલેન્ડ વચ્ચે રમાશે.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MP--PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે મધ્યપ્રદેશમાં વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડના રૂપિયાના વિકાસકામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યા છે.  તેમણે વિરાંગના રાણી દુર્ગાવતી સ્મારકનું ભૂમિપૂજન કર્યું હતું. તેમજ મહારાણીની સ્મૃતિમાં ખાસ ટપાલ ટિકિટનું વિમોચન કર્યું હતું. તેમણે કહ્યું કે      ,  ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહાર વાજપેયીએ પહેલીવાર આદિજાતિ મંત્રાલયની રચના કરીને આદિજાતિ વર્ગનું સન્માન કર્યું હતું.

શ્રી મોદીએ ડીજીટલ ઇન્ડિયા કોવિડની રસી તેમજ અમૃતકાળની સંકલ્પના બાબતે વિરોધપક્ષોએ અપનાવેલા  વલણની ટીકા કરી હતી.  તેમણે જબલપુર અને દીંડોરી જીલ્લામાં બે હજાર 350 કરોડ રૂપિયાના ખર્ચે જલજીવન મિશન પ્રોજેક્ટ હેઠળના વિવિધ પાણી યોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો. શ્રી મોદી મધ્યપ્રદેશમાં 4 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલા અને બંધાનાર માર્ગ વિકાસ કામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું. તેમજ તેમણે એક હજાર 850 કરોડ રૂપિયાના ખર્ચના રેલ્વે પ્રોજેક્ટોનું લોકાર્પણ કર્યું.

# PM RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે રાજસ્થાનના જોધપુરમાં રોડ , રેલવે, ઉડ્ડયન,આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં આશરે પાંચ હજાર કરોડ રૂપિયાની અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું હતુ. તેમણે જોધપુર એઈમ્સમાં 350 પથારીના ટ્રોમા સેન્ટર અને સાત ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોકનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રીએ એક હજાર 135 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલ IIT જોધપુરનું અત્યાધુનિક કેમ્પસ પણ રાષ્ટ્રને સમર્પિત કર્યું.

પ્રધાનમંત્રીએ જોધપુરમાં જાહેરસભામાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે , કેન્દ્ર સરકાર રાજસ્થાનમાં રેલવે, માર્ગ અને માળખાકીય સુવિધાઓના વિકાસની સાથે દરેક ક્ષેત્રમાં વિકાસ ઝડપી બને તે માટે કામગીરી કરી રહી છે.

આકાશવાણી જોધપુરના સંવાદદાતા જણાવે છે કે પ્રધાનમંત્રી જોધપુર હવાઈમથક પર 480 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા અત્યાધુનિક નવા ટર્મિનલ બિલ્ડિંગનો અને અંદાજે એક હજાર 475 કરોડના ખર્ચે અનેક રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો છે.

# UAEVISIT PIYUSH GOYAL

કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પીયૂષ ગોયલ સંયુક્ત આરબ અમીરાતની બે દિવસીય મુલાકાતે ગયા છે. મુલાકાતના પ્રથમ દિવસે શ્રી ગોયલે અબુ ધાબી મૂડીરોકાણ સત્તામંડળના મેનેજિંગ ડિરેક્ટર શેખ હમીદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે મૂડીરોકાણ અંગે ભારત- UAE ઉચ્ચ સ્તરીય ટાસ્કફોર્સની 11મી બેઠકની સહ-અધ્યક્ષતા કરી. આ ટાસ્ક ફોર્સની સ્થાપના 2013માં બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ અને આર્થિક સંબંધોને વધારવા માટે કરવામાં આવી હતી.

બેઠકમાં, બંને નેતાઓએ પોતપોતાની કંપનીઓ દ્વારા હાલના દ્વિપક્ષીય રોકાણોની સમીક્ષા કરી અને સંયુક્ત વેપાર અને રોકાણ સહકાર માટે સંભવિત મુખ્ય ક્ષેત્રોની ઓળખ કરી. તેમાં માળખાકીય સુવિધા ક્ષેત્ર , ઉર્જા, ખાધ્ય સુરક્ષા , હરિત હાઈડ્રોજન અને નવીનીકરણીય ઉર્જા , સેમિકન્ડક્ટર, આરોગ્ય સેવા અને સ્ટાર્ટઅપ્સનો સમાવેશ થાય છે. ઈન્ડિયા-યુએઈ સ્ટાર્ટ-અપબ્રિજ અને અબુ ધાબી-ઈન્ડિયા વર્ચ્યુઅલ ટ્રેડ કોરિડોર જેવી નવી પહેલોની પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓની હાજરીમાં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને યુનાઈટેડ આરબ અમીરાતની સેન્ટ્રલ બેંકની પેટા કંપની અલ એતિહાદ પેમેન્ટ્સ વચ્ચે ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારનો ઉદ્દેશ્ય UAE માટે ભારતના RuPay કાર્ડ પર આધારિત રાષ્ટ્રીય કાર્ડ યોજના વિકસાવવાનો છે. આનાથી ડિજિટલ નાણાકીય સુવિધામાં અગ્રણી દેશ તરીકે ભારતની સ્થિતિ મજબૂત થશે.

શ્રી ગોયલ અને UAE ના ઉદ્યોગ અને અદ્યતન ટેકનોલોજી મંત્રી ડૉ. સુલતાન અહેમદ અલ જાબેરે પણ સહકાર સંબંધિત એક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા. આ કરાર અંતરિક્ષ, આરોગ્ય સંભાળ, નવીનીકરણીય ઉર્જા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારશે.

મે 2022માં CEPAના અમલીકરણથી, બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપારને વેગ મળ્યો છે અને છેલ્લા એક વર્ષમાં લગભગ 20 ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. બંને મંત્રીઓએ 100 બિલિયન ડોલરના દ્વિપક્ષીય વેપાર લક્ષ્યને હાંસલ કરવા અને આર્થિક સંબંધોની સંભાવનાને મહત્તમ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાના ભાગરૂપે અબુ ધાબી ચેમ્બર દ્વારા આયોજિત ગોળમેજી ચર્ચાનું સંયુક્ત નેતૃત્વ કર્યું. તેમાં કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીમાં સામેલ કંપનીઓના 15 સભ્ય સીઈઓ અને અબુ ધાબી અને દુબઈ ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રતિનિધિઓ અને અન્ય અગ્રણી ઉદ્યોગપતિઓએ હાજરી આપી હતી.

# SIKKIM-FLOOD-UPDATE.rtf

સિક્કિમમાં, પૂરના કારણે મૃત્યુઆંક વધીને 19 થયો છે. રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન વિભાગે જણાવ્યું છે કે 26 વ્યક્તિઓ ઘાયલ છે જ્યારે સેનાના જવાનો સહિત 103 લોકો ગુમ થયા છે.

રાજ્યના મુખ્ય સચિવ વી.બી. પાઠકે ગઈકાલે તાશિલિંગ સચિવાલય ખાતે ચેમ્બર ઓફ કોમર્સ, હોલસેલ રિટેલર્સ, ફાર્મસી એસોસિએશન, IOC પ્રતિનિધિઓ, LPG ડીલર્સ અને વિતરકો , પેટ્રોલ પંપ માલિકો અને ટેક્સી ડ્રાઈવર્સ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો બોલાવી હતી.

આવશ્યક ચીજવસ્તુઓના દરો યથાવત રાખવા માટે , રાજ્ય સરકારે રંગપો , રેશી અને મેલી ચેકપોસ્ટ દ્વારા આવશ્યક ચીજવસ્તુઓનું વહન કરતા ખાનગી વાહનો પર SNT સુપરવિઝન ચાર્જ ન વસૂલવાનો નિર્ણય લીધો છે. લગભગ 100 કિલોમીટરના વધુ અંતરના ભારણને ધ્યાનમાં રાખીને સબસિડી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

NHIDCL એ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ઉત્તર સિક્કિમના મંગન જિલ્લાના લોનાક તળાવમાં હિમનદી વાદળ ફાટવાને કારણે સિક્કિમમાં ઘણું નુકસાન થયું છે જેમાં ઘરો અને રસ્તાઓને નુકસાનનો સમાવેશ થાય છે. રંગપોથી રાનીપૂલ સુધીનો સમગ્ર વિસ્તાર બે દિવસમાં પુનઃસ્થાપિત કરવામાં આવશે.

# UKRAINE-KILLED

યુક્રેનના અધિકારીઓએ જણાવ્યુ છે કે ખાર્કિવ પ્રાંતના દક્ષિણ પૂર્વમાં આવેલા હ્રોઝા ગામમાં એક બજાર પર રશિયન મિસાઈલ હુમલામાં 51 લોકો માર્યા ગયા છે. જ્યારે સ્થાનિક લોકો એક અંતિમ સંસ્કારમાં ભાગ લઈ રહ્યા હતા ત્યારે તેઓ આ હુમલાનો ભોગ બન્યા.

રશિયા તરફથી હજુ સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આવી નથી. તેણે પહેલાથી જ નાગરિક વિસ્તારોને નિશાન બનાવવાનો ઇનકાર કર્યો છે. યુક્રેનના સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે આ વિસ્તારમાં કોઈ સૈન્ય મથકો નથી, માત્ર નાગરિક વસ્તી છે.

# ASIAN GAMES - 2023

ચીનમાં હાંગઝોઉ ખાતે રમાઈ રહેલ એશિયાઈ રમતોત્સવમાં ભારતે અત્યારસુધીમાં 21 સુવર્ણ, 32 રજત અને 33 કાંસ્ય ચંદ્રક સહિત કુલ 86 ચંદ્રક જીતી લીધા છે. એશિયાઈ રમતોત્સવમાં ભારતનું આ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.

ભારતીય કુસ્તીબાજ અંતિમ પંઘાલે મોંગોલિયાને પરાજીત કરીને મહિલાઓની 53 કિલોગ્રામ વજન શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીતી લીધો છે. મહિલા કુસ્તીમાં ભારતનો આ પ્રથમ ચંદ્રક છે.

બેડમિસ્ટનમાં ભારતીય ખેલાડી એચ. એસ. પ્રણોયે સેમિફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો છે તથા સાત્વિક સાઇરાજ અને ચિરાગ શેટ્ટીની જોડીએ પુરૂષ ડબલ્સની સેમિફાઇનલમાં પ્રવેશી છે.

સ્કોશમાં ભારતીય મિક્સ ડબલ્સની જોડી દીપીકા પલીક્કલ અને હરિન્દરપાલ સંધુએ મલેશિયાની જોડીને પરાજિત કરીને સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તથા સૌરવ ઘોષાલે મલેશિયાના ઈયાન યોઉને પરાજિત કરીને રજત ચંદ્રક જીત્યો છે. તીરંદાજીમાં, પુરુષોની કમ્પાઉન્ડ સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ દક્ષિણ કોરિયાને 235-230થી હરાવીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. તેવી જ રીતે , ભારતીય ખેલાડીઓ જ્યોતિ સુરેખા , પરનીત અને અદિતિની ટુકડીએ મહિલાઓની કમ્પાઉન્ડ સ્પર્ધામાં ચાઈનીઝ તાઈપેઈને હરાવીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલા તીરંદાજીની કમ્પાઉન્ડ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીતવા બદલ મહિલા તીરંદાજોને અભિનંદન પાઠવ્યા છે. ક બડ્ડીમાં,ભારતીય પુરુષોની ટિમે જાપાનને ગ્રૂપ A ની મેચમાં 56-28 થી હરાવી છે.

# NT. CRICKET-WORLD CUP 2023

આજે ICC ક્રિકેટ વર્લ્ડકપની બીજી મેચમાં હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં પાકિસ્તાન નેધરલેન્ડ સામે મુકાબલો કરશે.

દરમિયાન ICC વર્લ્ડ કપ ક્રિકેટની પહેલી મેચમાં ગઇકાલે ન્યુઝીલેન્ડે ઇંગ્લેન્ડને 9 વિકેટે હરાવ્યું છે. આ પહેલા ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડ સામે જીતવા માટે 283 રનનો લક્ષ્યાંક રાખ્યો હતો. ન્યુઝીલેન્ડે આ લક્ષ્યાંક 36.2 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

# GUJ-CM FICCI

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે દેશ આઝાદીના 100 વર્ષ પૂર્ણ કરશે ત્યારે 2047 સુધીમાં ગુજરાત એક ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની જશે. ગઇકાલે ગાંધીનગરમાં યોજાયેલી ભારતીય વાણિજ્ય અને ઉદ્યોગ મહાસંઘ-FICCIની રાષ્ટ્રીય કારોબારી સમિતિની બેઠકના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે , FICCI એ ગુજરાતને ભારતના ગ્રોથ એન્જિન તરીકે દર્શાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે , ગુજરાત દેશના ભૌગોલિક વિસ્તારના માત્ર 6 ટકા સાથે રાષ્ટ્રીય જીડીપીમાં આઠ ટકા યોગદાન આપે છે. ગુજરાત કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં 18 ટકા અને દેશની કુલ નિકાસમાં 30 ટકા હિસ્સો ધરાવે છે. બે દાયકા પહેલા રાજ્યનું કુલ ઔદ્યોગિક ઉત્પાદન 1.27 લાખ કરોડ રૂપિયા હતું , જે વધીને 16.19 લાખ કરોડ રૂપિયા થયું છે.

# CHHATTISGARH-ASSEMBLYELECTIONS

છત્તીસગઢમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવી છે અને રાજ્યના તમામ મતદાન મથકો પર પ્રદર્શિત કરવામાં આવી છે. રાયપુરના અમારા સંવાદદાતાએ જણાવ્યું કે રાજ્યમાં 18 લાખથી વધુ મતદારો પ્રથમ વખત તેમના મતાધિકારનો ઉપયોગ કરશે- છત્તીસગઢમાં મતદાર યાદીમાં નામ ઉમેરવાના વિશેષ અભિયાન બાદ રાજ્યમાં મતદારોની સંખ્યામાં 7 લાખ 19 હજારથી વધુનો વધારો થયો છે. હવે રાજ્યમાં 2 કરોડ 3 લાખ 60 હજારથી વધુ મતદારો છે.

છત્તીસગઢ દેશના એવા કેટલાક રાજ્યોમાંનું એક છે જ્યાં મહિલા મતદારોની સંખ્યા પુરુષો કરતાં વધુ છે. તાજેતરમાં જાહેર થયેલી મતદાર યાદી મુજબ રાજ્યમાં 1 કરોડ 2 લાખ 39 હજારથી વધુ મહિલા મતદારો છે. જ્યારે પુરૂષ મતદારો 1 કરોડ 1 લાખ 20 હજારની આસપાસ છે. હાલમાં રાજ્યમાં 18 થી 20 વર્ષની વયજૂથના લગભગ 18 લાખ 68 હજાર મતદારો છે , જેઓ આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરશે. તે જ સમયે , 80 વર્ષથી વધુ વયના મતદારોની સંખ્યા લગભગ 1 લાખ 86 હજાર છે.